1. 'સત્યમેવ જયતે' કયા ઉપનિષદમાંથી લેવામાં આવ્યું છે ?

(A) કઠોપનિષદ
(B) મુંડક ઉપનિષદ
(C) માંડુક્ય ઉપનિષદ
(D) છાન્દોગ્ય ઉપનિષદ

2. 'કરેલા ઉપકારને જાણે' તેને શું કહેવાય ?

(A) કૃતઘ્ન
(B) ઉપકૃત
(C) કૃતજ્ઞ
(D) પરોપકારી

3. 'સોદાગર' શબ્દનો સમાસ ઓળખાવો.

(A) તત્પુરુષ
(B) ઉપપદ
(C) કર્મધારય
(D) દ્વિગુ

4. 'હરિશ્ચંદ્ર'નો સાચો સંધિવિગ્રહ દર્શાવો.

(A) હરિ + ચંદ્ર
(B) હરિઃ + ચંદ્ર
(C) હરિસ + ચંદ્ર
(D) હરિ + શ્ચંદ્ર

5. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ આપો :

(A) ઊંચુનીચું
(B) ઊંચૂનીચું
(C) ઊંચુંનીચું
(D) ઊચુનીચુ

6. The children will listen to ..........................

(A) he
(B) him
(C) his
(D) himself

7. ચાણક્ય કયા શાસકનો મુખ્ય સલાહકાર હતો ?

(A) અશોક
(B) સમુદ્રગુપ્ત
(C) ચંદ્રગુપ્ત મૌર્ય
(D) સ્કંધગુપ્ત

8. 10 મીટર ઊંચાઈના મકાનની ટોચ પરથી મકાનથી અમુક અંતરે જમીન પર ઉભેલા એક બાળકનો અવસેધકોણ 45° હોય, તો તે બાળક મકાનથી ................ મીટર દૂર હશે.

(A) 10
(B) 20
(C) 5
(D) 15

9. ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ કોણ હતા ?

(A) ડૉ. જીવરાજ મહેતા
(B) ડૉ. કમલા બેનીવાલ
(C) શ્રી મહેંદી નવાઝજંગ
(D) શ્રી નવલકિશોર શર્મા

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

10. No, I don't have the details ...................... (ready at hand, immediately available) , but you can look it up on the internet.

(A) in my shoes
(B) behind the scenes
(C) at my door steps
(D) at my fingertips

11. Don't forget to send me a post card, .................. ?

(A) won't you
(B) will you
(C) does you
(D) you don't

12. Jack gave me the .......................... light (permission or approval) on the project.

(A) green
(B) red
(C) yellow
(D) none

13. નીચેના પૈકી કયા વિકલ્પમાં વિરુદ્ધાર્થી શબ્દો નથી ?

(A) અભિજ્ઞ - અનભિજ્ઞ
(B) કુંદન - કથીર
(C) ઉપહાર - બક્ષિસ
(D) ઐહિક - પારલૌકિક

14. નીચેનામાંથી શબ્દકોશના યોગ્ય ક્રમ પ્રમાણે ગોઠવેલા દર્શાવો :

(A) ખડતલ, જિગીષા, ચિત્રકાર
(B) ઉપનિષદ, ઋણ, એકવ્રતી
(C) દાક્ષિણ્ય, તાગડધિન્ના, ટપાલી
(D) મંદાકિની, બાદરાયણ, ભવભૂતિ

15. " ............................ is the dog hiding ? " "It's hiding behind the tree."

(A) When
(B) Where
(C) Why
(D) How

16. Take ........................ apple a day and keep the doctor away.

(A) the
(B) an
(C) a
(D) any

17. ભારતના બંધારણમાં કુલ કેટલી ભાષાને માન્યતા આપવામાં આવી છે ?

(A) 22
(B) 26
(C) 28
(D) 12

18. ગાંધીજીનું સૌથી પ્રિય કહેવાતું ભજન " વૈષ્ણવ જન તો તેને રે કહીએ..." ના રચયિતા કોણ હતા ?

(A) ભોજા ભગત
(B) અખો
(C) પ્રેમાનંદ
(D) નરસિંહ મહેતા

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

19. શૂરપાણેશ્વર તીર્થ કઈ નદીના કિનારે આવેલું છે ?

(A) તાપી
(B) મહી
(C) સરસ્વતી
(D) નર્મદા

20. Mrs Smith is not pleased ........................ the new servent.

(A) with
(B) of
(C) at
(D) on

21. વલ્લભભાઈ પટેલ કયા શહેરના મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા ?

(A) વડોદરા
(B) મુંબઈ
(C) રાજકોટ
(D) અમદાવાદ

22. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સ્થાપેલા આશ્રમનું નામ શું હતું ?

(A) રસ્કીન ફાર્મ
(B) સ્વરાજ ફાર્મ
(C) શાંતિ ફાર્મ
(D) ટૉલ્સ્ટોય ફાર્મ

23. 'આ ડબામાં એક કિલો ઘી છે.' - વિશેષણ શોધો.

(A) ડબામાં - ઘી
(B) એક
(C) એક કિલો
(D) કિલો

24. નીચેનો ગદ્યખંડ વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો :

બીજા કોઈ પાસેથી જ્ઞાન કદી મેળવી શકાતું નથી. આપણે સૌએ પોતે જ શીખવાનું છે. બહારનો ગુરુ માત્ર સૂચન કરે છે. એ સૂચન માત્ર આંતરજ્ઞાનને જાગ્રત કરે છે, વસ્તુને સમજવાની પ્રેરણા આપે છે. આપણી પોતાની જ ગ્રહણશક્તિ અને વિચારશક્તિથી વસ્તુ સ્પષ્ટ થશે. આપણે આપણા આત્મામાં તેમના ખરા સ્વરૂપનો અનુભવ કરીશું.

પ્રશ્નઃ સાચું જ્ઞાન ક્યાં રહેલું છે ?

(A) સદ્‌ગુરુના માર્ગદર્શનમાં
(B) મનુષ્યના અંતરાત્મામાં
(C) જગતની પાઠશાળામાં
(D) ગ્રહણશક્તિ અને વિચારશક્તિમાં

25. ગુજરાતના કયા જિલ્લામાં બરડો ડુંગર આવેલો છે ?

(A) કચ્છ
(B) જામનગર
(C) રાજકોટ
(D) પોરબંદર

26. મહારાષ્ટ્રના કયા શહેરના એરપોર્ટનું નામ ડૉ. બાબાસાહેબ આંબેડકર એરપોર્ટ છે ?

(A) કોલ્હાપુર
(B) પુના
(C) નાગપુર
(D) ઔરંગાબાદ

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

27. નીચેનો ગદ્યખંડ વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો :

આજનું અર્થશાસ્ત્ર બહુવિધ ચારિત્ર્ય ઊંચે જાય તેને નહીં પરંતુ, જેમ ભાવો ઊંચા જાય અને જેમ મોંઘવારી વધે તેને 'સ્ટાન્ડર્ડ ઑફ લીવીંગ' ઊંચું ગણે છે.

પ્રશ્નઃ વાસ્તવિક રીતે 'સ્ટાન્ડર્ડ ઑફ લીવીંગ' ઊંચું ક્યારે ગણાય ?

(A) ભાવો ઊંચા આવે ત્યારે
(B) ભૌતિક સુખ-સમૃદ્ધિમાં આળોટે ત્યારે
(C) કુકમાઈના આધારે રોફ જમાવે ત્યારે
(D) સમાજનું સમગ્રપણે ચારિત્ર્ય ઊંચે જાય ત્યારે

28. બે સંખ્યાનો સરવાળો 25 અને બાદબાકી 9 છે તો તે સંખ્યાઓ ..............., ............... છે.

(A) 17, 8
(B) 17, 9
(C) 16, 9
(D) 15, 10

29. ભારતમાં ટેલિકૉમ ક્રાંતિ લાવવામાં કયા ગુજરાતીએ અગ્રણી ભૂમિકા ભજવી છે ?

(A) સામ પિત્રોડા
(B) ડૉ. વિક્રમ સારાભાઈ
(C) ધીરુભાઈ અંબાણી
(D) ત્રણમાંથી એક પણ નહીં

30. ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું બતાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ?

(A) અનન્વય
(B) વ્યતિરેક
(C) શ્લેષ
(D) વ્યાજસ્તુતિ

31. વર્ષ 2004 માં જિનીવાથી કયા મહાપુરુષના અસ્થિ ભારત લાવવામાં આવ્યા ?

(A) સરદારસિંહ રાણા
(B) વિઠ્ઠલભાઈ પટેલ
(C) શ્યામજી કૃષ્ણ વર્મા
(D) મદનલાલ ઢીંગરા

32. કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે સ્થાપેલી લોકભારતી-સણોસરા સંસ્થા કયા જિલ્લામાં આવેલી છે ?

(A) નવસારી
(B) જૂનાગઢ
(C) ભાવનગર
(D) દાહોદ

33. નીચેનામાંથી કયો સમાસ દ્વંદ્વ નથી ?

(A) કલ્પનાતીત
(B) રામલક્ષ્મણ
(C) ઉઠવાબેસવા
(D) સાચેસાચું

34. આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો. - કપૂરે કોગળા કરવા.

(A) આરતી કરવી
(B) કપૂર પ્રગટાવવું
(C) ધનનો હિસાબ માંડવો
(D) ખૂબ વૈભવ માણવો

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

35. ઓલ ઈન્ડિયા રેડિયો માટે આકાશવાણી નામ કોણે સૂચવ્યું હતું ?

(A) રવીન્દ્રનાથ ટાગોર
(B) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય
(C) સરદાર પટેલ
(D) જવાહરલાલ નેહરુ

36. સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(B) ચક્રવર્તી રાજગોપાલાચારી
(C) ગણેશ વાસુદેવ માવળંકર
(D) સુરેન્દ્રનાથ બેનરજી

37. આપેલી કહેવતનો સાચો અર્થ દર્શાવો. - 'વખાણી ખીચડી દાંતે વળગે'.

(A) સારી ખીચડીનો સ્વાદ બગડવો
(B) ખૂબ વખાણીએ એ જ ખરાબ નીકળે
(C) જેના માટે બહુમાન હોય તે જ નિરાશ કરે
(D) વિશ્વાસ ઠગારો સાબિત થાય

38. બહુપદી $x^3 - 5x^2 - kx + 24$ નો એક અવયવ $x + 2$ હોય તો, $k =$ ..................

(A) 4
(B) – 4
(C) 2
(D) – 2

39. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ કયા કવિનો છે ?

(A) સુંદરમ્
(B) રાજેન્દ્ર શાહ
(C) કૃષ્ણલાલ શ્રીધરાણી
(D) અનિલ જોશી

40. નીચેનો ગદ્યખંડ વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો :

સમભાવ પ્રેમનું બીજ છે. પરસ્પર સમભાવમાંથી જન્મતો પ્રેમ સ્થૂલથી પર હોય છે. હૃદયના પારસ્પરિક આકર્ષણને તથા પૂજનને આવકારે છે. આવાં પ્રેમનાં બે સ્વરૂપ - એક સૂક્ષ્મ જે આવકાર્ય છે કેમકે તેનાથી બંનેના જીવન ઉન્નત બને છે જ્યારે સ્થૂલ સ્વરૂપ વિનાશ નોંતરે છે.

પ્રશ્નઃ જીવન ઉન્નત ક્યારે બને છે ?

(A) પરસ્પરના દૈહિક આકર્ષણથી
(B) એકબીજાની પૂજા કરવાથી
(C) સમભાવથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ પ્રેમથી
(D) એકબીજાની જરૂરિયાત સંતોષવાથી

41. 'સુંદરમ્' કયા સાહિત્યકારનું તખલ્લુસ છે ?

(A) ઉમાશંકર જોશી
(B) ત્રિભુવન લુહાર
(C) મનુભાઈ પંચોલી
(D) ધીરુભાઈ ઠાકર

42. સિનેજગતનો સૌથી પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે ઍવોર્ડનું સન્માન મેળવનારા પ્રથમ મહિલા કોણ હતાં ?

(A) દુર્ગા ખોટે
(B) કાનન દેવી
(C) લતા મંગેશકર
(D) દેવીકારાણી

drdrachaiyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

43. આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો. - 'લાકડે માંકડું વળગાળવું'

(A) લાકડા ઉપર માંકડું ચડાવવું

(B) વિરુદ્ધ સ્વભાવના બે જણને જોડવા

(C) અશક્ય બાબત શક્ય બનાવવી

(D) સજીવ અને નિર્જીવનો યોગ કરવો

44. કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય
વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.

- આ પંક્તિનો છંદ ઓળખાવો.

(A) ચોપાઈ

(B) સવૈયા

(C) દોહરો

(D) હરિગીત

45. $\Delta ABC$ અને $\Delta PQR$ માં સંગતતા $ABC \leftrightarrow PQR$ સમરૂપતા છે. જો $AB = 12$, $ABC = 36$ અને $PQR = 64$, તો $PQ =$ ............................

(A) 12

(B) 64

(C) 16

(D) 8

46. એક ચોરસના વિકર્ણનું માપ $8\sqrt{2}$ છે. તો ચોરસની પરિમિતિ = ..........................

(A) $32\sqrt{2}$

(B) 32

(C) 64

(D) 128

47. નીચેનામાંથી સાચી સંધિ દર્શાવો.

(A) મહા + ઋષિ = મહાઋષિ

(B) વન + ઔષધિ = વનોષધી

(C) પરમ + ઈશ્વર = પરમેશ્વર

(D) સદા + એવ = સદૈવ

48. બંધારણસભાના પ્રથમ કામચલાઉ પ્રમુખ કોણ હતા ?

(A) જવાહરલાલ નેહરુ

(B) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(D) ડૉ. સચ્ચિદાનંદ સિંહ

49. ગ્રાહક સુરક્ષાનો ધારો ભારતમાં ક્યારથી અમલમાં છે ?

(A) વર્ષ 1982

(B) વર્ષ 1980

(C) વર્ષ 1986

(D) વર્ષ 1990

50. I .......................... here since two o'clock.

(A) shall wait

(B) have been waiting

(C) wait

(D) has waited

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

51. નીચેના પૈકી કયા વિકલ્પમાં વિરુદ્ધાર્થી શબ્દ છે ?

(A) ગંભીર - છીછરું
(B) અલૌકિક - દિવ્ય
(C) અભ્યાગત - અતિથિ
(D) ઉપહાસ - મશ્કરી

52. નીચેનો ગદ્યખંડ વાંચી પ્રશ્નોના ઉત્તર આપો :

'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો જગતના મોટા ભાગના દુઃખો શાંત થઈ જાય.'

પ્રશ્નઃ સમસ્યાઓના હલ માટે મનુષ્યને શું છોડવાનું કહેવામાં આવે છે ?

(A) પોતાનો હઠાગ્રહ
(B) પોતાની દૃષ્ટિ
(C) અહંકાર
(D) પોતાની માન્યતાઓ

53. નીચેનામાંથી કયા સાહિત્યકાર બાળસાહિત્યકાર તરીકે ઓળખાય છે ?

(A) ચંદ્રવદન મહેતા
(B) જયંતિ દલાલ
(C) રમણલાલ સોની
(D) વેણીભાઈ પુરોહિત

54. **The figures need to be adjusted ........................ inflation.**

(A) for
(B) on
(C) at
(D) in

55. જો પ્રત્યેક અવલોકન 3, 7, 9, 18, 21, 32 ને 3 વડે ગુણતાં નવો મધ્યક ............... છે.

(A) 15
(B) 90
(C) 45
(D) 60

56. **........................ he like his work ?**

(A) Done
(B) Does
(C) Doing
(D) Do

57. નીચેનામાંથી શબ્દકોશના યોગ્ય ક્રમ પ્રમાણે ગોઠવેલા દર્શાવો :

(A) અંજલિ, ઔષધિ, ઋતુ
(B) શરશૈયા, સંપત્તિ, હીરાકંઠી
(C) ફળ, પવન, ભૂમિ
(D) ઘડિયાળ, ગોવિંદ, કુંદન

58. ભારતીય રીઝર્વ બેન્કની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?

(A) ઇ.સ. 1947
(B) ઇ.સ. 1935
(C) ઇ.સ. 1945
(D) ઇ.સ. 1953

59. 'હાથનાં કર્યાં હૈયે વાગ્યાં' - કહેવતનો યોગ્ય અર્થ આપો.

(A) પ્રેમ થવો
(B) સ્વકર્મનું ફળ મળવું
(C) આદર્યાં અધૂરાં રહેવાં
(D) એકનું કરેલું બીજાને નડવું

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

60. Extra water in the diet is generally beneficial to the health and it ............ for the skin.

(A) makes tracks

(B) does time

(C) does good

(D) works wonders

61. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ આપો :

(A) કવિયિત્રિ

(B) આશીવાદ

(C) સામાજીક

(D) ઝિંદાદિલી

62. ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજના કયા વર્ષથી શરૂ કરવામાં આવી ?

(A) ઈ.સ. 1947

(B) ઈ.સ. 1951

(C) ઈ.સ. 1961

(D) ઈ.સ. 1956

63. ગુજરાતમાં કયા સ્થળે 1200 વર્ષથી પવિત્ર અગ્નિ પ્રજ્વલિત છે ?

(A) નારાયણ સરોવર

(B) ગલતેશ્વર

(C) ઉદવાડા

(D) સુરત

64. 'પૂંછડિયા તારા' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શુક્રના તારાને

(B) પ્લૂટો ગ્રહને

(C) ખરતી ઊલ્કાઓને

(D) ધૂમકેતુને

65. સોલંકીવંશના કયા રાજાએ 'અવંતિનાથ' નું બિરુદ ધારણ કર્યું હતું ?

(A) મૂળરાજ સોલંકી

(B) સિદ્ધરાજ સોલંકી

(C) ભીમદેવ પહેલો

(D) ભીમદેવ બીજો

66. સૌથી મોટો પુલ ગાંધી સેતુ કઈ નદી ઉપર બાંધવામાં આવ્યો છે ?

(A) ગંગા

(B) યમુના

(C) મહા

(D) સિન્ધુ

67. સીમમાં ઊભી વાટ, એકલી રુએ આખી રાત. - અલંકાર ઓળખાવો.

(A) ઉપમા

(B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા

(D) સજીવારોપણ

68. 'લોહીની સગાઈ' - વાર્તા કયા લેખકની છે ?

(A) પન્નાલાલ પટેલ

(B) સુન્દરમ્

(C) ઈશ્વર પેટલીકર

(D) સુરેશ જોશી

dronacharyaeducationalinstitute.blogspot.com

69. The children ........................ when the teacher was not in class.

(A) play
(B) were playing
(C) was playing
(D) have played

70. જેનાં બીજ – 1 અને 2 હોય , તેવું $x$ ચલનું દ્વિઘાત સમીકરણ ........................ છે.

(A) $x^2 + x + 2 = 0$
(B) $x^2 + x - 2 = 0$
(C) $x^2 - x - 2 = 0$
(D) $x^2 - x + 2 = 0$

71. બંધારણ સભાએ ઘડવામાં આવેલા બંધારણને મંજૂરી ક્યારે આપી હતી ?

(A) 26 નવેમ્બર, 1949
(B) 26 નવેમ્બર, 1947
(C) 15 ઑગસ્ટ, 1947
(D) 26 નવેમ્બર, 1950

72. □ABCDની ચારેય બાજુઓ એક વર્તુળને સ્પર્શે છે. જો AB = 6, BC = 3 અને CD = 4, હોય, તો AD = ..........

(A) 13
(B) 9
(C) 7
(D) 2

73. $\log (15 - 5) = \log 20$ – ..............

(A) $\log 4$
(B) $\log 2$
(C) $\log 5$
(D) $\log 10$

74. જો $(x + 2, 2y - 3) = (0, 1)$ તો $(x, y)$ = ..............

(A) (2, 2)
(B) (–2, 2)
(C) (2, –2)
(D) (–2, –2)

75. □ABCD સમબાજુ ચતુષ્કોણ છે. જો AB = 25 સેમી તથા AC = 48 સેમી હોય તો □ABCDનું ક્ષેત્રફળ .............. સેમી² થાય.

(A) 336
(B) 672
(C) 1200
(D) 600

76. જો સમાંતર શ્રેણીના $n$ પદોનો સરવાળો $S_n = 2n^2 + 3n$ તો $d$ = ..............................

(A) 13
(B) 4
(C) 9
(D) – 2

77. ભારતમાં સૌ પ્રથમ બાયો ડિઝલ એસ.ટી. બસ કયા રાજ્યએ શરૂ કરી ?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) મધ્ય પ્રદેશ
(D) પંજાબ

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

78. 'જસજસયલગા' બંધારણ કયા છંદનું છે ?

(A) હરિણી

(B) શિખરિણી

(C) મંદાક્રાન્તા

(D) પૃથ્વી

79. નીચેનામાંથી સાચી સંધિ દર્શાવો :

(A) રામ + આયન = રામાયણ

(B) પરિ + નામ = પરિણામ

(C) સ + બંધ = સંબંધ

(D) નમસ + કાર = નમસ્કાર

80. બે શંકુની ત્રિજ્યાનો ગુણોત્તર 2:3 છે તથા તિર્યક ઊંચાઈનો ગુણોત્તર 3:4 છે તો તેની વક્રસપાટીનાં ક્ષેત્રફળના ગુણોત્તર ............... થાય.

(A) 2:3

(B) 3:4

(C) 3:2

(D) 1:2

81. 'સ્વાધીન' શબ્દનો સાચો સંધિવિગ્રહ દર્શાવો.

(A) સ્વા + ધીન

(B) સ્વ + અધીન

(C) સ્વા + અધિન

(D) સ્વ + અ + ધીન

82. ત્રણ સમતોલ સિક્કાઓને એક સાથે ઉછાળવામાં આવે છે. તો ગમે તે એક જ સિક્કા પર છાપ મળે તે ઘટનાની સંભાવના ............... છે.

(A) 1/8

(B) 1/2

(C) 1/4

(D) 3/8

83. 'ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે.' - વિશેષણ દર્શાવો.

(A) ગુજરાત

(B) ગાંધીનગર

(C) પાટનગર

(D) પાટનગર ગાંધીનગર

84. સાબરમતી આશ્રમમાં હૃદયકુંજ કોનું નિવાસસ્થાન હતું ?

(A) ગાંધીજી

(B) સરદાર પટેલ

(C) રવિશંકર મહારાજ

(D) મોરારજી દેસાઈ

85. નીચેનો ગદ્યખંડ વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો :

સૌંદર્યનો ઉપાસક કલાકાર અપ્રમાણિક ના થઈ શકે. એ સૌંદર્યનો ઉપાસક છે, સુંદરીનો નહિ. કલ્પનાને જે સુંદર લાગે તે એકાગ્રતાથી આલેખે પણ, વાસનાને ઉશ્કેરવા કે કીર્તિ કે પેટ ખાતર બેશરમ બનીને તો નથી લખતો ને ?

પ્રશ્નઃ કલાકારનું અંતિમ લક્ષ્ય કયું ?

(A) પ્રામાણિકપણે સર્જન કરવું

(B) સૌંદર્યની ઉપાસના કરવી તે

(C) સમાજમાં પડેલી ગંદકીને ઉજાગર કરવી

(D) કીર્તિ અને ધન કમાવાનું

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

86. Sara learnt to sing all by ..........................

(A) herself
(B) hers
(C) her
(D) she

87. Susan sits ...................... the tree.

(A) under
(B) up
(C) off
(D) over

88. નડિયાદ કયા નામે જાણીતું છે ?

(A) સાક્ષર નગરી
(B) સંસ્કાર નગરી
(C) ગુલાબી નગરી
(D) સાહિત્ય નગરી

89. We called ...................... (visited) him last Wednesday.

(A) up
(B) off
(C) on
(D) it

90. 'કામદેવ'નો સમાનાર્થી શબ્દ આપો.

(A) રુદ્રદેવ
(B) મન્મથ
(C) માધવ
(D) મરીચિ

91. 'દ્વિરેફ' કયા વાર્તાકારનું તખલ્લુસ છે ?

(A) રામનારાયણ પાઠક
(B) રઘુવીર ચૌધરી
(C) સુરેશ જોશી
(D) ચુનીલાલ મડિયા

92. જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનારા પ્રથમ સાહિત્યકાર કોણ હતા ?

(A) ઉમાશંકર જોશી
(B) જી. શંકર કુરૂપ
(C) વિષ્ણુ ડે
(D) આશાપૂર્ણાદેવી

93. ગુજરાત રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી કઈ છે ?

(A) ગુજરાત યુનિવર્સિટી
(B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
(C) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
(D) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

94. ગુજરાતમાં પુસ્તકાલય શરૂ કરવાનો શ્રેય કોને ફાળે જાય છે ?

(A) સુરસિંહજી ગોહિલ
(B) મોતીભાઈ અમીન
(C) ઉમાશંકર જોશી
(D) નર્મદ



dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com

95. ભારતના કયા પ્રદેશમાં ઘુડખર માટેનું અભયારણ્ય આવેલું છે ?

(A) કચ્છનું મોટું રણ
(B) કચ્છનું નાનું રણ
(C) રાજસ્થાનનું રણ
(D) લદ્દાખનું રણ

96. 'લાયન ઑફ પંજાબ' ના નામે કોણ ઓળખાતું હતું ?

(A) ભગત સિંહ
(B) લાલા લજપતરાય
(C) મદનમોહન માલવીય
(D) સુભાષચંદ્ર બોઝ

97. મણિપુર રાજ્યની રાજધાની કઈ છે ?

(A) અગરતલા
(B) ઇમ્ફાલ
(C) કોહિમા
(D) આઇઝોલ

98. 'જેનું એકેય સંતાન ગુજરી ન ગયું હોય તેવી સ્ત્રી માટે સાચો પારિભાષિક શબ્દ આપો :

(A) પુણ્યશાળી સ્ત્રી
(B) સતી સ્ત્રી
(C) સૌભાગ્યવતી
(D) અખોવન

99. $\sin x = \sin 60^\circ \cos 30^\circ - \cos 60^\circ \sin 30^\circ$ તો $x =$ ..................

(A) $0^\circ$
(B) $30^\circ$
(C) $45^\circ$
(D) $60^\circ$

100. નીચેનામાંથી કયો શબ્દ 'સમુદ્ર'નો સમાનાર્થી નથી ?

(A) ઉદધિ
(B) રત્નાકર
(C) સિન્ધુ
(D) સરિતા

• • •

1 · √3 − (−1) 1
= √3 + 1
√4

dronacharyaeducationalinstitute.blogspot.com

Generated by CamScanner from intsig.com